ન/માધ્ય/૨૦૨૦/૨૫૯૨-૨૬૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
હંટર ટ્રેનીંગ હોસ્ટેલ બિલ્ડીંગ,
શક્તિ ચોક, ગેસ્ટ હાઉસ રોડ,
મોરબી
તા.૦૯/૦૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (તમામ),
જિ.મોરબી

વિષય : માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા કર્મચારીની **COVID-19** ની રજા બાબત.
સંદર્ભ: માન.નાયબ સચિવ સાહેબ સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/૫૦૧-ટ તા.૧૮/૦૪/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના (COVID-19)વાયરસને WHOએ પેન્ડેમિક જાહેર કરેલ છે, ભારત સરકારના આરોગ્ય મંત્રાલય, આયુષ મંત્રાલય અને રાજય સરકારની ગાઈડ લાઈન અનુસાર નોવેલ કોરોના (COVID-19) વાયરસના ફેલાવાને નિયંત્રિત કરવા વિવિધ પગલાઓ હાથ ધરવામાં આવેલ છે.

હાલમાં મોરબી જિલ્લામાં નોવેલ કોરોના (COVID–19) વાયરસનું સંક્રમણ વધતું હોય જેથી સાવચેતીના ભાગરૂપે કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે. જેથી મોરબી જીલ્લાની અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીને અથવા તેના પરિવારના કોઈ સભ્યને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવેલ હોય તો હોમ કવોરોન્ટાઈન માટે નીચે જણાવેલ વિગતે રજા મંજુર કરવાની રહેશે.

- શાળાના કોઈપણ કર્મચારી જો કોરોના વાયરસથી અસરગ્રસ્ત થયા હોય તો આચાર્યશ્રી ને સંબોધીને શાળા મારફત હોમ કોરોન્ટાઇન રહેવા માટેની અરજી કરવાની રહેશે. જ્યારે આચાર્યશ્રીના કિસ્સામાં સંચાલક મંડળને સંબોધીને હોમ કોરોન્ટાઇન રહેવા માટેની અરજી કરવાની રહેશે. અરજી સાથે હોમ ક્વોરન્ટાઈન થયા અંગેનું પ્રમાણપત્ર તથા સેલ્ફ ડેકલેરેશન રજૂ કરવાનું રહેશે.
- કર્મચારી અથવા એમના પરિવારના કોઈ સભ્યનો કોરોના પોઝીટીવ રીપોર્ટની પ્રમાણિત કરેલ નકલ અને મેડીકલ સર્ટી અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.
- કર્મચારીની આવેલ અરજી સંદર્ભે સબંધિત શાળાના વડાએ સાધનિક આધારોની ચકાસણી કરી હોમકવોરોન્ટાઈન રહેવા માટેની લેખિત ભલામણ સંચાલક મંડળને કરવાની રહેશે. તેમજ રજુ થયેલ

Scanned with CamScanner

ભલામણ અને આધારો ધ્યાને લઇ સબધિત સંચાલકમંડળે રજા મંજુર કરવાની રહેશે અને તેની જાણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી - મોરબીને કરવાની રહેશે.

ઉપરોક્ત વહીવટી બાબતોને ધ્યાને લઈને આવી રજા અંગેની અરજી સંબંધિત જે તે શાળાઓના આચાર્યશ્રીએ આધારો સહ ચકાસણી કરીને જરૂરી પ્રમાણપત્ર આપી લીવ એકાઉન્ટ નિભાવવાનું રહેશે. મેડીકલ સર્ટીની આધારે જે તે કર્મચારીની ઓનલાઈન હાજરીમાં ON DUTY તેમજ શિક્ષક હાજરી રજીસ્ટર માં હોસ્પિટલ એડમીટ કે હોમ ક્વોરેન્ટાઇન સેલ્ફ અથવા હોમ કવોરોન્ટાઈન ફેમીલી લખી નોંધ કરવાની રહેશે.તેમજ આ અંગે કોઈ પ્રશ્ન હોય તો આપના બીટ નિરીક્ષક શ્રી નો સંપર્ક કરવાનો રહેશે.

૦૧/૦૧/૨૦૨૦

જિલ્લા શિક્ષણાધિકારી
મોરબી

નકલ અમલ અર્થે રવાના :
મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ (તમામ), આ કચેરી

નકલ સવિનય રવાના : (જાણ અર્થે )

(૧) માનનીય નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર

(૨) માનનીય જિલ્લા મેજીસ્ટ્રેટ -વ- કલેકટરશ્રી,મોરબી

મોરબી

Scanned with CamScanner